રાજ્યની જેલોમાં વિડીયો કોન્ફરન્સીંગ સિસ્ટમના મેઈન્ટેન્સ કરવા O & M ની વ્યવસ્થા કરવાના વાર્ષિક કોન્ટ્રાક્ટ કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
## ઠરાવ ક્રમાંકઃજલક/૩૯૨૦૧૩/HC-3/ભાગ-૧/જ.
## સચિવાલય, ગાંધીનગર.
## તારીખઃ૧૧/૧૨/૨૦૧૩

**વંચાણે લીધા:-**

(૧) નામ.ગુજરાત હાઇકોર્ટના ક્રિમી.મીસે.એપ્લી.નં.૧૯૨૮/૨૦૧૩
(૨) ગૃહ વિભાગના તા.૧૬/૦૪/૨૦૧૩નો હુકમ ક્રમાંકઃજલક/૩૯૨૦૧૩/HC-3/જ.
(૩) ગૃહ વિભાગની તા.૧૮/૦૫/૨૦૧૩ની આઇ.ટી. કમીટીની બેઠકની કાર્યવાહી નોંધ
(૪) ગૃહ વિભાગના તા.૦૧/૦૬/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃજલક/૩૯૨૦૧૩/HC-3/જ
(૫) જી.આઇ.પી.એલ.નો તા.૧૫/૧૦/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃજીઆઇપીએલ/હોમ/૨૦૧૩/૬૬૯
(૬) ગૃહ વિભાગના તા.૨૯/૧૦/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃજલક/૩૯૨૦૧૩/HC-3/જ
(૭) ગૃહ વિભાગના તા.૧૧/૦૯/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃજલક/૩૯૨૦૧૩/HC-3/ભાગ-૧/જ

**ઠરાવ:**

નામ.ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ ક્રિમીનલ મીસે. એપ્લી.નં.૧૯૨૮/૨૦૧૩ અન્વયે રાજ્યની તમામ જેલ તથા સંબંધિત કોર્ટો વચ્ચે વિડીયો કોન્ફરન્સીંગ સિસ્ટમ સતત જળવાઇ રહે તેવી વ્યવસ્થા કાર્યરત કરવા અંગે નામ.હાઇકોર્ટ દ્વારા આદેશ આપવામાં આવેલ છે. તે મુજબ રાજ્યની જુદી જુદી ૧૨ જેલો **(પરિશિષ્ટ-૧)** તથા સંબંધિત ૧૨ કોર્ટ વચ્ચે વિડીયો કોન્ફરન્સીંગ સિસ્ટમ સ્થાપિત કરવા માટે સંદર્ભ ક્રમાંકઃ(૨)ના ઠરાવથી ગુજરાત ઈન્ફો પેટ્રો લિ., (જી.આઇ.પી.એલ.)ને કામગીરી સોંપવામાં આવેલ છે. તથા સંદર્ભમાં દર્શાવેલ ક્રમાંકઃ૭થી ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ પેટે રૂ.૬૦,૬૭,૪૪૦ની રકમ ચૂકવવાની મંજૂરી આપેલ છે. સંદર્ભ ક્રમાંકઃ(૩)થી વિભાગની આઇ.ટી. કમીટીએ જી.આઇ.પી.એલ.ને સોંપવામાં આવેલ કામગીરીને પશ્ચાતવર્તી મંજૂરી આપેલ છે. તથા રાજ્યની અન્ય ૧૨ જેલ **(પરિશિષ્ટ-૨)** અને ૧૫ કોર્ટોમાં અગાઉથી સ્થાપિત કરવામાં આવેલ વિડીયો કોન્ફરન્સીંગ સિસ્ટમ અંગે ઓપરેશન એન્ડ મેન્ટેનન્સની કોઇ વ્યવસ્થા ન હોવાથી તેની કામગીરી પણ જી.આઇ.પી.એલ.ને સોંપવા માટે નિર્ણય લેવામાં આવેલ. જે અન્વયે રાજકોટ મધ્યસ્થ જેલથી રાજકોટ સેસન્સ કોર્ટ વચ્ચે સંદર્ભ ક્રમાંકઃ(૬)ના ઠરાવથી જી.આઇ.પી.એલ.ને કામગીરી સોંપવામાં આવેલ છે. રાજકોટ ઉપરાંત રાજ્યની બાકી રહેતી ૧૧ જેલ અને ૧૪ કોર્ટ વચ્ચે ઓપરેશન એન્ડ મેન્ટેનન્સની કામગીરી માટેના મેનપાવર માટે જી.આઇ.પી.એલ.ની સંદર્ભ ક્રમાંકઃ(૫) ઉપરની દરખાસ્ત અંગેની બાબત

સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સિસ્ટમના સુચારૂ સંચાલન માટે **ઓપરેશન અને મેન્ટેનન્શની કામગીરી માટે** રાજ્યની જુદી જુદી ૧૫ કોર્ટો તથા ૧૨ જેલ વચ્ચે ૨૭ મેનપાવર તથા ૦૬ રીલીવર મળી કુલ ૩૩ મેનપાવર રાખવો આવશ્યક છે, પરંતુ રાજકોટ મધ્યસ્થ જેલ તથા રાજકોટ સેસન્સ કોર્ટ માટે સંદર્ભમાં દર્શાવેલ ક્રમાંકઃ(૬) ના ઠરાવથી જરૂરી મંજૂરી આપેલ હોઇ હવે બાકી રહેતી ૧૪ કોર્ટો તથા ૧૧ જેલ વચ્ચે ૨૫ મેનપાવર તથા ૦૬ રીલીવર મળી કુલ ૩૧ મેનપાવરની નીચે પ્રમાણેના ખર્ચની મંજૂરી આપવાની રહે છે.

| Manpower Costing Details | |
|---|---|
| **Description** | **Quantity** |
| Total Months | 12 |
| Manpower for 12 Months | 31 |
| Price Per Manpower | 15,000/- |
| **Total Price (15000 X 31 X 12)** | **55,80,000** |
| **Taxes 12.36%** | **6,89,688** |
| **Total Price (Incl. Taxes)** | **62,69,688** |

૨. ઉક્ત વિગતે રાજ્યની ૧૧ જેલો અને ૧૪ કોર્ટો વચ્ચે વિડીયો કોન્ફરન્સીંગ સિસ્ટમના ઓપરેશન અને મેન્ટેનન્સ કરવા બાબતે મેનપાવરના રૂ.૬૨,૬૯,૬૮૮/- (અંકે રૂપિયા બાસઠ લાખ ઓગણાસીતેર હજાર છસો અઠ્યાસી પૂરા)ની રકમ જી.આઈ.પી.એલને ચૂકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**3. જી.આઇ.પી.એલ.ને ઓપરેશન એન્ડ મેન્ટેનન્સના નાણાં દર માસે ચૂકવવાના હોવાથી સમયસર ચૂકવણી થાય તે માટે જી.આઇ.પી.એલ.ને એડવાન્સ રકમ ચૂકવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.**

ઉપરોક્ત બાબતની કાળજીપૂર્વકની વિચારણાના અંતે નીચે પ્રમાણેની રકમની જી.આઈ.પી.એલને <u>એડવાન્સ પેટે</u> ચૂકવણી કરવા માટેની મંજૂરી આપવામાં આવે છે.

**(૧) સંદર્ભ ક્રમાંકઃ(૭)ના ઠરાવ મુજબની કુલ ૧૨ જેલ તથા ૧૨ કોર્ટ માટે મંજૂર થયેલ રૂ.૬૦,૬૭,૪૪૦/- (અંકે રૂપિયા સાઇઠ લાખ સડસઠ હજાર ચારસો ચાલીસ પૂરા) જી.આઇ.પી.એલ.ને એડવાન્સ ચૂકવવાની મંજૂરી આપવામાં આવે છે.**

**(૨) સંદર્ભમાં ક્રમાંકઃ(૬)માં દર્શાવેલ ઠરાવથી રાજકોટ મધ્યસ્થ જેલ તથા રાજકોટ સેસન્સ કોર્ટ માટે મંજૂર થયેલ રૂ.૪,૦૪,૪૯૬/- (અંકે રૂપિયા ચાર લાખ ચાર હજાર ચારસો છન્નુ પૂરા) તથા ઉક્ત ફકરા-૨માં દર્શાવ્યા મુજબ અન્ય ૧૧ જેલ તથા ૧૪ કોર્ટોના રૂ.૬૨,૬૯,૬૮૮ (રૂપિયા બાસઠ લાખ ઓગણા સીતેર છસો અઠ્યાસી પૂરા) આમ, કુલ રૂ.૬૬,૭૪,૧૮૪ (અંકે રૂપિયા છાસઠ લાખ ચુમોતેર હજાર એકસો ચોર્યાસી પૂરા) જી.આઇ.પી.એલ.ને એડવાન્સ પેટે ચૂકવવાની મંજૂરી આપવામાં આવે છે.**

**ઉક્ત મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે –**

**શરતો:**

(૧) ઉક્ત રકમનો ખર્ચ વર્ષ ૨૦૧૩-૧૪ના અંદાજપત્રમાં માગણી ક્રમાંક:૪૪, મુખ્ય સદર:૨૦૫૬(જેલ) -૦૦-ગૌણ સદર ૦૦૧ નિર્દેશ અને વહીવટ – પેટા સદર ૦૧- MEP ૨૨ જેલ મહાનિરીક્ષક હેઠળ આયોજન સદરે કરવામાં આવેલ રૂ.૧૯૨૧.૯૬ લાખની જોગવાઇમાંથી કરવાનો રહેશે.

(૨) જી.આઇ.પી.એલ. દ્વારા ઉક્ત ફકરા ક્રમાંક:૩માં ઉલ્લેખિત રકમ ગુજરાત સ્ટેટ ફાયનાન્સ સર્વીસ (GSFS)માં જમા કરાવવાની રહેશે, તથા નક્કી થયા પ્રમાણે દર માસે તેમાંથી માસિક બિલ પ્રમાણેનો ઉપાડ કરવાનો રહેશે. આ બિલની રકમ જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી દ્વારા પ્રમાણિત કર્યા બાદ જ તેનો ઉપાડ કરવાનો રહેશે.

(૩) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીએ દર માસની બીજી તારીખ સુધીમાં બિલની રકમ અચૂકપણે પ્રમાણિત કરવાની રહેશે. આ પ્રમાણપત્ર દર માસની ૨૫(પચ્ચીસ) તારીખ સુધીનું આપવાનું રહેશે. (ઉદાહરણ તરીકે ૨૬મી નવેમ્બરથી ૨૫મી ડીસેમ્બર સુધીનું પ્રમાણપત્ર)

(૪) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીએ દરેક જેલ પરથી દર મહિનાની ૨૫(પચ્ચીસ) તારીખ સુધીનું જેલ તથા કોર્ટમાં હાજરી અંગેનું પ્રમાણપત્ર સંબંધિત જેલ અધિક્ષક પાસેથી મેળવી લેવાનું રહેશે.

(૫) જેલ અધિક્ષકશ્રીએ દર મહિનાની ૨૫(પચ્ચીસ) તારીખ સુધીનું જેલ તથા કોર્ટમાં હાજરી અંગેનું પ્રમાણપત્ર જેલોના ઇન્સ્પેકટર જનરલરશ્રીને મહિનાના અંત સુધીમાં મોકલી આપવાનું રહેશે.

૪. આ ઠરાવ સમાનાંકી ફાઇલ ઉપરની નાણાં વિભાગની તા.૯/૧૨/૨૦૧૩ અને તા.૧૧/૧૨/૨૦૧૩ની નોંધથી આપેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(ધીમંત એ. પટેલ)**
**ઉપ સચિવ**
**ગૃહ વિભાગ**

**પ્રતિ**

અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
સી.ઇ.ઓ., ગુજરાત ઈન્ફો. પેટ્રો લી., ગાંધીનગર.
એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
એકાઉન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
વિમા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
નાણાંકીય સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીગનર.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

આઈ.ટી.સેલ, ગૃહ વિભાગ, (વેબસાઈટ ઉપર મૂકવાની વિનંતી સહ).

સંબંધિત તમામ જેલ અધિક્ષકશ્રીઓ **(જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફત)**

સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.

નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.

સિલેક્ટ ફાઇલ.

# પરિશિષ્ટ - ૧

## ગૃહ વિભાગના તા.૧૧/૧૨/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃજલક/૩૯૨૦૧૩/HC-3/ભાગ-૧/જનું સાંધણ

| ક્રમ | જેલનું નામ | કોર્ટનું નામ |
|---|---|---|
| ૦૧ | અમરેલી જીલ્લા જેલ | અમરેલી ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, અમરેલી |
| ૦૨ | રાજપીપળા સબ જેલ | રાજપીપલા ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, રાજપીપલા |
| ૦૩ | નવસારી સબ જેલ | નવસારી ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, નવસારી |
| ૦૪ | ભરૂચ સબ જેલ | ભરૂચ ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, ભરૂચ |
| ૦૫ | છોટાઉદેપુર સબ જેલ | ન્યાયમંદિર સંકુલ, વડોદરા |
| ૦૬ | ગોધરા સબ જેલ | ગોધરા ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, ગોધરા |
| ૦૭ | મોડાસા સબ જેલ | હિંમતનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, હિંમતનગર |
| ૦૮ | હિંમતનગર સબ જેલ | હિંમતનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, હિંમતનગર |
| ૦૯ | મોરબી સબ જેલ | રાજકોટ ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, રાજકોટ |
| ૧૦ | સુરેન્દ્રનગર સબ જેલ | સુરેન્દ્રનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, સુરેન્દ્રનગર |
| ૧૧ | ગોંડલ સબ જેલ | રાજકોટ ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, રાજકોટ |
| ૧૨ | પાટણ સબ જેલ | પાટણ ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, પાટણ |

# પરિશિષ્ટ-૨

## ગૃહ વિભાગના તા.૧૧/૧૨/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃજલક/૩૯૨૦૧૩/HC-3/ભાગ-૧/જનું સાંધણ

| | જેલનું નામ | કોર્ટનું નામ |
|---|---|---|
| ૧. | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૧. ભદ્ર કોર્ટ સંકુલ, અમદાવાદ |
| | | ૨. ઘીકાંટા કોર્ટ સંકુલ, અમદાવાદ |
| | | ૩. મીરઝાપુર ગ્રામ્ય કોર્ટ, અમદાવાદ |
| | | ૪. એસ.આઇ.ટી. કોર્ટ, જુની હાઇકોર્ટ સંકુલ, અમદાવાદ. |
| ૨. | વડોદરા મધ્યસ્થ જેલ | ડિસ્ટ્રીક્ટ કોર્ટ, ન્યાયમંદિર, સંકુલ, વડોદરા |
| ૩. | રાજકોટ મધ્યસ્થ જેલ | રાજકોટ ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, રાજકોટ |
| ૪. | લાજપોર (સુરત) મધ્યસ્થ જેલ | સુરત ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, સુરત |
| ૫. | પોરબંદર ખાસ જેલ | પોરબંદર ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, પોરબંદર |
| ૬. | પાલારા (ભૂજ) ખાસ જેલ | ભૂજ ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, ભૂજ |
| ૭. | જૂનાગઢ જિલ્લા જેલ | જૂનાગઢ ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, જૂનાગઢ |
| ૮. | ભાવનગર જિલ્લા જેલ | ભાવનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, ભાવનગર |
| ૯. | નડીયાદ જિલ્લા જેલ | નડીયાદ ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, નડીયાદ |
| ૧૦. | પાલનપુર જિલ્લા જેલ | પાલનપુર ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, પાલનપુર |
| ૧૧. | જામનગર જિલ્લા જેલ | જામનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, જામનગર |
| ૧૨. | મહેસાણા જિલ્લા જેલ | મહેસાણા ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ, મહેસાણા |